**Olakh ઓળખ**

A Space For Women જગ્યા જ્યાં મન મૂકીને કરીએ વાત

નારીવાદી સાહિત્ય સંસાધન અને મૈત્રી-માર્ગદર્શન કેન્દ્ર

નાના છોડવાનાં જતન માટે

આપણે મૂક્યું પિંજરું

મનમાં હસવું આવે છે

છોડ વૃક્ષ બની રહ્યું છે.

વૃક્ષનાં વિકાસને ભીંસતું, અવરોધતું

પિંજરું જેમનું તેમ છે.

*- શાંતિ*

ઓળખ - એક નવો અવાજ, નવી ભાષા, નવી પરિભાષા. ક્યારેય ન પૂરી થનાર અગણિત જવાબદારીઓનાં બોજ તળે દબાઈ ગયો છે આપણો અવાજ અને આપણું અસ્તિત્વ. પારિવારિક અને સામાજિક જવાબદારીઓ તથા સંબંધોની ભુલભુલામણીમાં અટવાઈ ગયેલ આપણે આપણું એ નામ નથી શોધી શકતા જે જન્મજાત સ્ત્રીતત્વના અર્કમાંથી જન્મ્યું હોય. આપણે આપણી એ છબી નથી ઉપસાવી શકતા જેમાં રંગ આપણે પોતે આપણી પસંદગીના ભર્યા હોય. ઓળખ નો પ્રયાસ છે આપણી સ્ત્રી તરીકેની સ્વતંત્ર સન્માનનીય ઓળખ ઉભી કરી આપણાં વ્યક્તિત્વની ક્ષિતિજોને વિસ્તારવી.

નારી આંદોલન રૂપી આ સંઘર્ષમય પ્રવાસમાં એક નવી દિશા, નવા આયામની શોધ, એ આપણું સ્ત્રીઓનું એક સ્વપ્ન છે. આપણે ઈચ્છીએ છીએ ***'મોકળાશ'*** આપણી પોતીકી જગ્યા જે આપણા સહુની હોય. જ્યાં આપણે આપણા અંતરની વેદના કે આનંદની વાત મન મૂકીને એકબીજા સાથે કરી શકીએ. આપણે આપણા જીવનની નવી કેડીઓ કંડારી શકીએ. કુટુંબ અને સમાજ દ્વારા લદાતા વિરોધાભાસી મૂલ્યો અને વલણોમાંથી ઉભી થતી ગૂંગળામણ વિષે એકબીજાની સાથે વાત કરી હળવા થઈ શકીએ. આપણાં હૃદયની અવ્યક્ત સંવેદનાઓને પરસ્પર વાચા આપીને આત્મસાત કરીએ. ઓળખમાં આપણી લાગણીઓ અને મનોભાવોને પારસ્પરિક સ્વીકૃતિ મળશે. આપણી વચ્ચેના સખ્યભાવના સ્વપ્નને આપણે સાકાર કરીશું. **ઓળખ** નો પ્રયાસ છે એક નિરાળો સ્નેહ-સેતુ રચી સન્માનનીય સંબંધ સર્જવાનો.

## સ્ત્રીઓની નજરે
## નિરાળી દ્રષ્ટિ,
## નિરાળી અનુભૂતિ

**ઓખખ** એટલે એ જગ્યા જ્યાં સ્ત્રીઓ પરસ્પર પોતાના વિચારોની આપ-લે કરી શકે, શીખી શકે, વિકસી શકે અને ગૌરવપૂર્વક પોતાની એક આગવી ઓળખ ઉભી કરી શકે. જેઓ વર્તમાન સ્ત્રી-પુરૂષ સંબંધોના માળખામાં મૂળભૂત ફેરફાર લાવવા ઈચ્છે છે, તેવા દરેક સ્ત્રી અને પુરૂષને ઓળખનું નારીવાદી સાહિત્ય, સંસાધન અને માર્ગદર્શન કેન્દ્ર આવકારે છે.

**ઓળખે** પોતાની પ્રવૃત્તિઓની શરૂઆત સમાનતાના હક્કો અને સામાજિક લિંગ, જાતિ, વર્ગ જેવા અન્ય પ્રવર્તમાન ભેદભાવો વિનાના ન્યાયી સમાજના નિર્માણ કરવાના ધ્યેયથી કરી. ૧૯૯૬માં તે **નારીવાદી સાહિત્ય સંસાધન કેન્દ્ર** તરીકે પ્રસ્થાપિત થયું. **અમારા મુખ્ય ધ્યેયો :**

- નારીવાદી **વિશાળ** દ્રષ્ટિકોણ કેળવી, પિતૃસત્તાક સમાજમાં પ્રવર્તમાન ભેદભાવો સામે બાથ ભીડવા સ્ત્રીઓ અને પુરૂષોમાં સભાનતા કેળવવી.
- સ્ત્રી અને પુરૂષ વિષેની લાંબા સમયથી પ્રવર્તમાન રૂઢિગત માન્યતાઓ મૂલ્યો અને વલણોને **પડકારવા.**
- સ્ત્રીઓની બહુવિધ ભૂમિકાઓ અને **આગવી ઓળખ** ઉભી કરવાના સંઘર્ષને પ્રમાણિત કરતું વાતાવરણ ઉભું કરવું.

ઓળખ અનેકવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો સાથે સંકળાયેલ છે.

### મુદ્દાલક્ષી નારીવાદી સાહિત્ય સંસાધન અને ગ્રંથાલય/પુસ્તકાલય :

**અમે સ્થાનિક સ્તરે, સ્થાનિક ભાષામાં સ્ત્રીઓ અને સ્ત્રીઓનાં પ્રશ્ન સબંધી બહોળુ સાહિત્ય અને માહિતી પૂરી પાડીએ છીએ.**

નારીવાદી સાહિત્ય સંસાધન કેન્દ્રમાં ખાસ કરીને નારીવાદી, સામાજિક લિંગભેદ, પિતૃસત્તા લૈંગિક સંબંધો, નારી ચળવળ તેમજ સ્ત્રી પર થતાં શારીરિક - માનસિક અત્યાચારો: જેવા કે જાતિય ઘરેલું, ભાવાત્મક, લગ્નેતર હિંસા અને સામાજિક બંધનો, ઉપરાંત સ્ત્રીઓનું યોગદાન, સર્જનશીલતા અને આધ્યાત્મિકતા જેવા વિવિધ વિષયો પર આધારિત પુસ્તકો, ગ્રંથો અને લેખા ઉપલબ્ધ છે.

સાહિત્ય કેન્દ્રનું **મુખ્ય લક્ષ્ય** લોકો સુધી સાહિત્ય પહોંચતું કરવાનું અને ***માહિતી પ્રસારણનું*** છે. આ હેતુને ધ્યાનમાં રાખીને અમે ***"સંગિની"*** ફરતું ગ્રંથાલયની વ્યવસ્થા કરેલ છે, સંગિની દ્વારા અમે યુનિવર્સિટી ગર્લ્સ હોસ્ટેલ, નારી સંરક્ષણ ગૃહ, વ્યવસાયિક સ્ત્રી છાત્રાલયમાં નારીવાદી સાહિત્ય દ્વારા સંવાદ-સેતુ ઊભો કર્યો છે.

**નારીવાદી સાહિત્ય સંસાધન કેન્દ્રની પ્રવૃત્તિઓ :**

વિવિધ મુદ્દાલક્ષી સાહિત્ય : સમય ૧૨:૦૦ થી ૫:૦૦

ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષાની સમૃદ્ધ નવલકથાઓથી સજ્જ ગ્રંથાલય/પુસ્તકાલય. સમય : ૧૨:૦૦ થી ૫:૦૦

નારીસમૂહોને ઘરઆંગણે સુવિધા પૂરું પાડતું ફરતું ગ્રંથાલય/પુસ્તકાલય - સંગિની. દર ૧૫ દિવસ

નારીવાદી સાહિત્ય સંસાધનોનું ભાષાંતર, ઉત્પાદન, પ્રકાશન અને વેચાણ-વિતરણ.

અભ્યાસ વર્તુળ અને સ્ત્રી વિષયક વૃત્તચિત્ર તથા ચલચિત્રોનું પ્રસ્તુતીકરણ. ચલચિત્ર દર મહિનાના ચોથા શનિવારે.

**નારીવાદી મૈત્રી-માર્ગ દર્શન કેન્દ્ર :**

**સર્જનાત્મક તેમજ ભાવાત્મક ક્ષમતાને યથાર્થ દિશાસૂચન - ઓળખ માં સ્રીઓની વ્યક્ત-અવ્યક્ત મૂંઝવણો-મુશ્કેલીઓ સાંભળી, પ્રવર્તમાન પરિસ્થિતિની સાચી સમજ સાથે ગૌરવપૂર્ણ જીવન જીવવા તરફ ડગ માંડવા સ્રીઓને સહકાર પૂરો પાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે.**

સાવ એકલા પડી જવાય એવી વિવશતાની પળોમાં ખાસ કરીને જ્યારે સામાજિક અને કૌટુંબિક અપેક્ષાઓ અને જવાબદારીઓ આપણાં પોતાનાં અસ્તિત્વને, સ્વપ્નો અને ઈચ્છાઓને નકારે છે ત્યારે **ઓળખ** તમારી સાથે છે.

**મૈત્રી-માર્ગ દર્શન કેન્દ્રની પ્રવૃત્તિઓ :**

પ્રત્યક્ષ સંવાદ સાધી સંપર્ક - સેતુ રચવો.

જરૂરિયાતલક્ષી માર્ગદર્શન

આગળની કાર્યવાહી માટે સંદર્ભ સેવાઓ પૂરી પાડવી.

જીવન યાત્રાના માર્ગમાં દિશાસૂચક દીપક બની અધિકરણનો માર્ગ સરળ કરી આપવો.

પારસ્પરિક ટેકો અને હૂંફ મળી રહે એવું જૂથ રચવું.

**આ ઉપરાંત અમારી અન્ય પ્રવૃત્તિઓ :**

એકલી રહેતી બહેનો માટે સમર્થન માળખું ઉભું કરવું.

નારીવાદી સાહિત્યનાં પ્રચાર પ્રસાર માટે ભાવાનુવાદ, સંકલન અને વિતરણ

કિશોરીઓ/સ્ત્રી વિષયક મુદ્દાઓ પર સંશોધન, દસ્તાવેજીકરણ અને જુદાજુદા માધ્યમો દ્વારા પ્રકાશન - પ્રસારણ.

સામાજિક લિંગભેદ, નારીવાદ, પિતૃસત્તા વગેરે વિષયો પરત્વે આંતરભાવ પ્રગટાવતી કાર્યશાળાઓ અને તાલીમોનું આયોજન

ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં જુદા જુદા મુદ્દાઓ ઉપર ઝુંબેશ આદરતા કાર્યક્રમોનું આયોજન કરવું.

**ભવિષ્યની યોજનાઓ :**

ગુજરાતની કિશોરીઓ - યુવતીઓ સુધી પહોંચવું.

સ્ત્રીઓ અને યુવતીઓને જરૂરિયાતલક્ષી સહાય અને સેવાઓનું પ્રદાન

**તમે ઓળખ સાથે જોડાઈ શકો છો :**

વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થઈને

વાચનાલયના સભ્ય બનીને

અભ્યાસ વર્તુળમાં સહભાગી થઈને

તમારી આવડત અને પ્રતિભાનું પ્રદાન કરીને

કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું સ્વૈચ્છિક સંચાલન કરીને.

આર્થિક અને અન્ય રીતે સાથ-સહયોગ આપીને.

ઓળખ ની માહિતી રસ ધરાવતા લોકો સુધી પહોંચાડીને.

અનુભવો-મનોભાવનું આદાન પ્રદાન સાથે મહત્વનાં સૂચનો પૂરા પાડીને.

**ઓળખ એ તમારી-આપણી મોકળાશ છે ઓળખ ના માધ્યમે આપણે કરીએ મન મૂકીને વાત અને મેળવીએ એક નવું અનુસંધાન જ્યાં સમજ હોય, સ્વીકાર-સન્માન અને સમર્થન હોય, આવો જોડાવ અને મિત્રો બનો.**

**તમે ઓળખ** ની મદદ લઈ શકો છો, જ્યારે તમે સામાજિક લિંગભેદનાં વલણનો ભોગ બનતા હો, ઘરમાં/કામ કરવાનાં સ્થળે કુટુંબીજનો, મિત્રો/વ્યવસાય ઉપરીઓ દ્વારા જાતીય/ભાવાત્મક/શારીરિક હિંસા અને શોષણનો ભોગ બનતા હો, માનસિક તાણ, ચિંતા, મૂંઝવણ અને ઉપેક્ષાની ભાવના અનુભવતા હો, નારીવાદી આંદોલન તેમજ નારી-સક્ષમતા વિષયક પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા હો.

**અમે આવકારીએ છીએ સર્વને,** સ્ત્રીઓ-પુરૂષો-બાળકોને જેઓ પિતૃસત્તાક સમાજમાં પ્રવર્તમાન **સામાજિક લિંગભેદ** ને પડકારી સમાનતાના ધોરણે સમાજનવરચના માટે તેમજ નારી ચેતનાની દિશામાં પ્રયત્નશીલ હોય. આવો ઓળખ દ્વારા સર્જીએ એક નવી ઓળખ.

***અમને આશા છે, શ્રદ્ધા છે એવો સમય જરૂર આવશે,***
***જ્યારે સમગ્ર દુનિયામાં સ્ત્રી અને પુરૂષ પોતાની ભેટ-સોગાદો સાથે નિર્ભયપણે,***
***સમાન ભૂમિકાએથી એકબીજાની આંખમાં આંખ મિલાવી શકે.***

એ-૫૨, મંગળજ્યોત સોસાયટી, જ્યોતિપાર્ક પાસે, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮.
ગુજરાત. ભારત. ફોન : ૯૧-૨૬૫ ૪૪૬૪૮૭. E-mail : olakh@satyam.net.in

ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર : એફ ૩૫૨૦ તારીખ ૨૬-૫-૯૩
સોસાયટી રજીસ્ટ્રેશન નંબર : ગુજરાત-૩૬૫૪ તારીખ ૨૬-૫-૯૩
સંસ્થાને આવકવેરા કલમ ૮૦જી (૫) ધારા ૧૯૬૧ હેઠળ કરમુક્તિ પ્રમાણપત્ર મળેલ છે.